# પ્રસાર ભારતી

# પ્રાદેશિક સમાચાર વિભાગ, અમદાવાદ

**તારીખ : 03-07-2024** **બપોરે : 2.30 થી 2.35**

**વાર : બુધવાર**

**આકાશવાણી અમદાવાદ, વડોદરા....પ્રાદેશિક સમાચાર બકુલા પરમાર વાંચે છે.**

---

---

(ન્યૂઝ બ્રેક – આ પ્રાદેશિક સમાચાર આપ આકાશવાણી અમદાવાદ – વડોદરા પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી – અમદાવાદ – વડોદરા કેન્દ્ર પરથી  સમાચાર પૂરા થયા)

# GUJARAT RIAN DATA TODAY NOON

ગુજરાતમાં ચોમાસું જામ્યું છે. ખાસ કરીને દક્ષિણ અને ઉત્તર ગુજરાતના મોટાભાગના જિલ્લાઓમાં વરસાદને પગલે ડેમ, નદી નાળા છલકાઈ ગયા છે. અત્યાર સુધીમાં રાજ્યમાં મોસમનો કુલ સરેરાશ વરસાદ ૧૯.૫૬ ટકા નોંધાયો છે. રાજ્યના સ્ટેટ ઇમરજન્સી ઓપરેશન સેન્ટર દ્વારા મળેલા આંકડાઓ અનુસાર આજે છેલ્લા ૨૪ કલાક દરમિયાન રાજ્યના ૮૮ તાલુકાઓમાં નોંધપાત્ર વરસાદ વરસ્યો છે. જેમાં ૦૭ તાલુકાઓમાં ૩ ઇંચથી વધુ વરસાદ નોંધાયો છે.

ઉત્તર ગુજરાતના લગભગ તમામ જિલ્લાઓંમાં વરસાદ થયો છે. જેમાં ડીસાના લખાણીમાં સૌથી વધારે 10.8 ઇંચ વરસાદ વરસ્યો હતો. આ ઉપરાંત મહેસાણામાં 3.92 ઇંચ જ્યારે કે બેચરાજીમાં 3.84 ઇંચ વરસાદ ખાબક્યો છે. બનાસકાંઠા જિલ્લાના દાંતીવાડા તાલુકામાં ૩.૬૮ ઇંચ, વાવ તાલુકામાં ૩.૧૬ ઇંચ, સુઈગામ તાલુકામાં ૩.૦૮ ઇંચ વરસાદ વરસ્યો છે.

ઉપરાંત મોડાસા, વઘઈ, વાંસદા, સિદ્ધપુર, બાલાસિનોર, થરાદ, ડોલવણ, ફતેહપુરા, ઉંઝા સહિતના તાલુકાઓમાં બે ઇંચ કરતા વધુ વરસાદ થયો છે.

દક્ષિણ ગુજરાતના ઓલપાડ, ચાણસમા, સરસ્વતી, નવસારી, ખેરગામ, જલાલપોર, ડાંગ-આહવા ઉપરાંત હિંમતનગર અને પાટણ જોટાણા, કપડવંજ, લુણાવાડા, દેત્રોજ- રામપુરા, તલોદ સહિતના કુલ ૧૫ તાલુકાઓમાં દોઢ ઇંચ વરરસાદ નોંધાયો છે.

## DAM WATER LEVEL

તાપીના ઉકાઈ ડેમમાં પાણીની આવક યથાવત રહી છે. પાણીની સતત આવક થતા દક્ષિણ ગુજરાતની જીવાદોરી સમાન ઉકાઈ ડેમની જળસપાટી 306.33 ફુટ પર પહોંચી ગઇ છે. હાલ ઉકાઈ ડેમમાં 6 હજાર 392 ક્યુસેક પાણી આવી રહ્યું છે. જ્યારે ડેમમાંથી 800 ક્યુસેક પાણી કેનાલમાં છોડવામાં આવી રહ્યું છે. ડેમના ઉપરવાસમાં વરસાદને પગલે ઉકાઈ ડેમમાં પાણીની આવક થઇ રહી છે. આ ઉપરાંત ભાવનગર

જિલ્લાની જીવાદોરી સમાન શેત્રુંજી ડેમમાં ૪ હજાર ૧૮૧ કયુસેક પાણીની આવક થતાં શેત્રુંજી ડેમની સપાટી ૧૬ ફૂટ ૨ ઇંચે પહોંચી હતી. છેલ્લા ૧૦ કલાકમાં શેત્રુંજી ડેમની સપાટીમાં ૪ ઇંચનો વધારો થયો હતો. શેત્રુંજી ડેમમાં હજુ પાણીની આવક થઇ રહી છે.

## GANDHINAGAR RAIN

રાજ્યમાં સાર્વત્રિક વરસાદની પરિસ્થિતિને જોતા જળ સંપત્તિ મંત્રી કુંવરજી બાવળીયાએ ગાંધીનગર ખાતે રાજ્ય પાણી આંકડા કેન્દ્રની મુલાકાત લીધી હતી અને ઉપસ્થિત અધિકારીઓ સાથે સ્થિતિની સમીક્ષા કરી હતી. તેમણે રાજકોટ,મોરબી,ભાવનગર ઝોનમાં હોટલાઇન પર સ્થાનિક અધિકારીઓ સાથે વાત કરી વરસાદ જળાશયોની વિગતો મેળવીને જરૂરી સૂચનાઓ આપી હતી. દરમિયાન તેમણે કહ્યું કે ભારે વરસાદની પરિસ્થિતિને પહોંચી વળવા રાજ્યના પાણી આંકડા કેન્દ્ર ખાતે દર વર્ષે ૦૧ જૂનથી ૦૧ ઑક્ટોબર દરમિયાન પૂર કેન્દ્ર કાર્યરત કરવામાં આવે છે. જેમાં આકસ્મિક સંજોગોમાં જિલ્લામાંથી ત્વરિત માહિતી માટે રાજ્ય સરકાર દ્વારા ૧૨ હોટલાઇન તેમજ ૧૪ સેટેલાઈટ ફોન ચોવીસ કલાક માટે કાર્યરત કરાવવામાં આવ્યા છે.

## DAMAN PURASKAR

કેન્દ્ર શાસિત પ્રદેશ દમણના કચીગામના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રને આરોગ્ય સુવિધા ક્ષેત્રે શ્રેષ્ઠ દેખાવ બદલ આરોગ્ય મંત્રાલય દ્વારા પુરસ્કૃત કરવામાં આવ્યું છે. અમારા દમણના પ્રતિનિધિ પ્રદીપ ભાવસરના જણાવ્યા પ્રમાણે સેવા પ્રાવધાન, રોગી અધિકાર, અગ્નિશમન વગેરે સંબંધિત સેવાઓ, ડાયગ્નોસ્ટિક લેબોરેટરી સેવા, સંક્રમણ નિયંત્રણ, ગુણવત્તા પ્રબંધન અને ક્વોલિટી મેનેજમેન્ટ જેવા ૮ વિવિધ ક્ષેત્રના માપદંડમાં કચીગામ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રને ૯૫.૮૬ ટકા રાષ્ટ્રીય ગુણવત્તા આશ્વાસન માનક મળ્યા હતા.

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા દિલ્હીમાં આયોજીત કાર્યક્રમમાં કેન્દ્રના આરોગ્ય અને પરિવાર કલ્યાણ રાજ્યમંત્રી પ્રતાપરાવ ગણપતરાવ જાધવ અને અનુપ્રિયા પટેલ દ્વારા કચીગામ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના ડોક્ટરોને પુરસ્કાર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

# DIU DRUGS SANMAN

દાદરા અને નગર હવેલી જિલ્લાના કલેક્ટરને નશીલા પદાર્થો વિરુદ્ધની ઝુંબેશ માટે તેમના ઉત્કૃષ્ટ પ્રદાન બદલ રાષ્ટ્રીય બાળ અધિકાર સંરક્ષણ આયોગ દ્વારા સન્માનિત કરવામાં આવ્યા છે. દાદરા અને નગર હવેલીને બાળ અધિકાર સંરક્ષણ માટેના રાષ્ટ્રીય આયોગ દ્વારા સંયુક્ત કાર્ય યોજનાના સફળ અમલીકરણ માટે "ઉત્તમ કામગીરી કરનાર જિલ્લા" તરીકે સ્મૃતિ ચિહ્ન અને પ્રશસ્તિપત્ર આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા. આ સ્મૃતિ ચિહ્ન અને પ્રશસ્તિપત્ર કેન્દ્રિય ગૃહ રાજ્ય મંત્રી નિત્યાનંદ રાય દ્વારા આપવામાં આવ્યું હતું. દાદરા અને નગર હવેલી જિલ્લાને તેના ઉત્તમ પ્રયાસો માટે 372 જિલ્લાઓમાંથી ટોચના 30 જિલ્લાઓમાં આ ખિતાબ મળ્યો છે.

# Earthquake

કચ્છના ભચાઉ તાલુકાના નેર ગામ નજીક ત્રણની તીવ્રતાનો ભૂકંપનો આંચકો અનુભવાયો હતો. અમારા કચ્છના પ્રતિનિધિ હેમાંગ પટ્ટણીના જણાવ્યા પ્રમાણે ભૂકંપનું કેન્દ્ર બિંદુ દુધઈ થી 15 કીમી દૂર નોંધાયું હતું,

# RATHYATRA BOOK

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે ‘Ahmedabad Rathyatra - A Journey of Miracles’ પુસ્તકનું ગાંધીનગર ખાતે વિમોચન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી, અમદાવાદ જગન્નાથ મંદિરના મહંત દિલીપદાસ મહારાજ,

અસારવા બેઠકના ગોસ્વામી મધુસુદનલાલ મહારાજ તથા અન્ય અગ્રણીઓ ઉપસ્થિતિ રહ્યા હતા.

મુખ્યમંત્રીએ અમદાવાદની પ્રસિદ્ધ રથયાત્રાના આયોજન દરમિયાન થયેલ ચમત્કારો અને આસ્થાની અનુભૂતિને પુસ્તકરૂપે પ્રગટ કરવા બદલ અમદાવાદના પૂર્વ પોલિસ કમિશ્નર સંજય શ્રીવાસ્તવને અભિનંદન પાઠવ્યા હતા. તેમણે આ પુસ્તક લાખો ભક્તો તેમજ નવી પેઢી માટે ભગવાન જગન્નાથ પ્રત્યેની આસ્થા અને પોલીસ વિભાગની અભૂતપૂર્વ વ્યવસ્થા અંગેની જાણકારીનો મોટો સ્ત્રોત બનશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

## MID BREAK- NEWS- REGIONAL

**આ સમાચાર આપ આકાશવાણી અમદાવાદ વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી youtube ચેનલ એઆઈઆર ન્યુઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.**

**વધુ સમાચાર માટે આપ અમારા ટ્વિટર હેન્ડલ AIR ન્યુઝ અન્ડર સ્કોર એ બી એ ડી ને ફોલો કરી શકશો..**